## પી.એમ. શ્રી મોડેલ સ્કૂલ. ઘોઘંબા, તા. ઘોઘંબા, જિલ્લો પંચમહાલના વિધાર્થીઓની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિધ્યાલય ગોધરાની મુલાકાત

તા. ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ પી.એમ. શ્રી મોડેલ સ્કૂલ. ઘોઘંબા, તા. ઘોઘંબા, જિલ્લો પંચમહાલના,૬૫ વિધાર્થીઓ તથા પાંચ શિક્ષકોએ એગ્રીકલ્ચરલ એન્જીનીયીરીંગ એન્ડ ટેકનોલોજી મહાવિધાલય, આણંદ કૃષિ વિશ્વવિધાલય, ગોધરાની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિધાર્થીઓને કોલેજના કૃષિ યાંત્રિકી, જળ અને જમીન સંરક્ષણ, સિંચાઇ અને ડ્રેનેજ, પ્રોસેસિંગ એન્જિનિયરિંગ તથા ફાર્મ સ્ટ્રક્ચર્સ જેવા વિવિધ વિભાગોની કામગીરી વિશે વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા. તેઓને ટ્રેક્ટર, થ્રેશર, પાણી અને માટીની ગુણવત્તા તપાસવા માટેના ઉપકરણો, ફૂડ પ્રોસેસિંગ મશીનો જેવી અગત્યની સાધનો–ઉપકરણોનું પ્રત્યક્ષ નિરીક્ષણ ફેકલ્ટી દ્વારા કરવામાં આવ્યું. આ મુલાકાત દરમિયાન વિધાર્થીઓને પોલિ હાઉસ તથા નેટ હાઉસ વિષે પણ માહિતગાર કરવામાં આવ્યા. ફેકલ્ટી સભ્યોએ સમજાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં કૃષિમાં યાંત્રિકરણની ભવિષ્યની માંગ, જરૂરિયાત અને ફાયદાઓ વિષે વિસ્તૃત માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભવિષ્યમાં આણંદ કૃષિ વિશ્વવિધ્યાલયમાં ધો. ૧૦ અને ૧૨ પછી ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટેની પ્રવેશ પ્રક્રીયા, પાત્રતા, કારકિર્દીના અવસરો વિશે પણ તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું. વિધાર્થીઓએ આ મુલાકાતને ખૂબ ઉપયોગી ગણાવી અને કૃષિ ઇંજિનિયરિંગ ક્ષેત્ર અંગે વધુ સમજ અને રસ ઉભો થયો. આ કાર્યક્રમ દ્વારા વિધાર્થીઓને આધુનિક કૃષિ ટેકનોલોજી અને તેના પ્રયોગો અંગે મૂલ્યવાન જ્ઞાન પ્રાપ્ત થયું. સદર મુલાકાત ડો. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષના માર્ગદર્શન હેઠળ ડો. અરવિંદ કુનપરા, સહ પ્રાધ્યાપક અને વિભાગીય વડા (IDE & SWCE) દ્વારા આયોજન અને ડો. મનોજકુમાર સોજીત્રા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.








GPS Map Camera
Godhra,Gujarat,India
Prabha Road, Godhra, Godhra, Gujarat 389001, India
Lat 22.782458, Long 73.657053
Saturday, 31/01/2026 11:12 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera


Implements Developed by College
GPS Map Camera
Vavadi Bujarg Part, Gujarat, India
Qmj4+qj9, Vavadi Bujarg Part, Gujarat 389002, India
Lat 22.78247° Long 73.656292°
Saturday, 31/01/2026 11:21 AM GMT +05:30
Google


GPS Map Camera
Vavadi Bujarg Part, Gujarat, India
Qmj4+qj9, Vavadi Bujarg Part, Gujarat 389002, India
Lat 22.782235° Long 73.656398°
Saturday, 31/01/2026 11:27 AM GMT +05:30
Google